શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૨ • અંક : ૪૭ • સળંગ અંક : ૯૮ • તા. ૨૫ એપ્રિલ ૨૦૨૦ થી ૧ મે ૨૦૨૦

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir,
Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.

# સમસ્ત મહાજન દ્વારા લોકડાઉન સમયમાં વેબિનાર સિરીઝને મળ્યો ભવ્ય પ્રતિસાદ

KDO BUSINESS

KDO Swaroj
The taste of tradition





આ શહેર તમારા મનસૂબા ઉથલાવી દે,
કહેવાય નહીં.
આ ચહેરા પર બીજો ચહેરો ચિપકાવી દે,
કહેવાય નહીં.
આ સંકેતો, આ અફવાઓ, આ સંદર્ભો,
આ ઘટનાઓ,
આખે આખો નકશો ક્યારે બદલાવી દે,
કહેવાય નહીં.
ટાવર ધબકે, રસ્તા ધબકે, અડધે-પડધે,
માણસ ધબકે.
કોનો ધબકારો કોણ અટકાવી દે,
કહેવાય નહીં.

- રમેશ પારેખ



નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# સંબંધોના તાણામાણા

બાળક જન્મે એ સાથે જ તેના અનેક સાથે સંબંધે બંધાય છે. એ સંબંધ પુત્ર, પૌત્ર, દૌહિત્ર, ભાણેજ, ભત્રીજા, ભાઈ, બહેનનો હોય છે. સંબંધ એટલે અન્ય સાથેનું બંધન. આ બંધન એકબીજી વ્યક્તિ સાથેનું જોડાણ છે. જે આ સંબંધનો આદર કરે છે તે સામેવાળાનો આદર પામે છે. સંબંધનો સ્નેહ માણતા સ્વૈરવિહાર કરી શકાય છે. તેની આનંદ તેની મજા માણી શકાય છે. સંબંધ એ એક તરૂવર છે જે સ્નેહ પામી વધતો, વિકસતો હોય છે. ફૂલતો ફાલતો હોય છે. જે આગળ જતાં સૌને મીઠો છાંયડો, તેના મીઠાં રસાળ ફળ આપે છે.

સંબંધોની પરિભાષા કંઈ અલગ છે. બંધનોથી યુક્ત છે છતાં બંધન મુક્ત છે. કોઈપણ સંબંધ એ પ્રેમ અને વિશ્વાસના પ્રાણવાયુથી પોષણ પામે છે, પાંગરે છે. સમયકાળ જતા આ સંબંધના તરૂવરને ઓક્સિજન નથી મળતું ત્યારે એ ઝાડ સૂકાઈ જાય છે. મુરઝાઈ જાય છે અને વખત વિતતા સૂકું ઠુંઠુ થઈ જાય છે. આ પતઝડની જવાબદારી સંબંધે જોડાયેલાં સૌ પાત્રોની હોય છે.

મધુર ને મીઠાં સંબંધમાં જોડાવવાનું સૌને ગમે છે પણ પોતપોતાના ધારા ધોરણે અને વિચારસરણી મુજબ, સંબંધ સૌને ગમે છે પણ બંધન સૌને નડે છે. મને કોઈ સમજતું નથી, કોઈ સમય આપતું નથી એ ફરિયાદ સર્વને રહે છે. બાળપણથી જોડાયેલા સંબંધ જેમ જેમ વય વધે તેમ તેમ આગળ વધતાં અનેક રીતે બીજા સંબંધથી વધતાં રહે છે. આ સંબંધો આપણા માવિત્ર પક્ષથી વર્ષો સુધી હોય છે. તેમાં સાસરિયા પક્ષના સંબંધો વધે છે. માન-પાન આદરભાવ સાથે અપેક્ષાના તોરણો અને આકાંક્ષાના ફૂલડાઓ એમાં ટીંગાતા રહી બોજ વધારે છે.

સંબંધોની નિરખવાની વિકસવાની ચાવી કોઈને મળી જાય તો, જીવન સાર્થક થઈ ગયાનું ભાસે પણ આ લાગણી અધૂરી રહી જાય છે ને આયુષ્ય પૂર્ણ થઈ જાય છે. આપણી ઈચ્છાઓ, મહત્વકાંક્ષાઓ અધિક હોવાને લીધે આખરે ખટરાગ સર્જાય છે જે આગળ જતાં જો સમાધાનમાં ન પલટાય તો વિખવાદ કે વિચ્છેદ સર્જાય છે.

કોઈપણ સંબંધના વિકસવામાં તેના વાવેતર પછીના પ્રેમ, હૂંફને લાગણીરૂપી ખાતર આપીએ અને વિશ્વાસ, સાથ અને સહવાસરૂપી સૂર્યપ્રકાશ મળી રહેત તેનો વિકાસ ઝડપી અને સુલભ થઈ જાય છે. આજના ઝડપી ભાગદોળભર્યા જીવનમાં ઘડિયાળને કાંટે જીવાતી જિંદગીમાં સ્નેહની સરવાણી સંબંધોની સરિતાનો કાંઠો સાંકડો થતો જાય છે. કોઈ મને સમજતું નથી આ સૌની કોમન ફરિયાદ છે. બીજાઓની પાસે અપેક્ષા આપણે રાખીએ છીએ પણ આપણી પોતાની ફરજ ભૂલી જઈએ છીએ. આ અપેક્ષા અને ફરજના ખેંચતાણથી સંબંધને અધિકને અધિક હાનિ પહોંચે છે. જેની તરફ બંને પક્ષ દુર્લક્ષ સેવે છે. આખરે વૃક્ષની નીચે માટી ખસકતી જાય છે. જેને લીધે અંતે વૃક્ષ વિશ્વાસ અને સ્નેહભર્યા વર્તાવના અભાવે ધરાશાયી થઈ જાય છે. આ દરેક સંબંધનું સત્ય છે. સ્માર્ટ ગેજેટ આપણે વાપરતા થયા છીએ પણ સ્માર્ટ વિચારતા, વર્તાવ કરતા કે વહેતાં શીખ્યા નથી. જેથી સંબંધો સંકડાઈ જાય છે, શુષ્ક થઈ જાય છે.

– જ્ઞાતિમૈયા

# સમસ્ત મહાજનની બીટુબી સમિતિ દ્વારા વેબિનારને મળ્યો ભવ્ય પ્રતિસાદ

સમસ્ત મહાજનની બીટુબી ટીમ દ્વારા ૧૯ એપ્રિલ રાત્રે ૮ વાગે વેબિનારનો આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૮૦ જેટલા લોકોએ ભાગ લીધો હતો.

આ વેબિનારની શરૂઆત સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ નિશિથ દંડએ બીટુબીની ટીમ દ્વારા આજની કોરોનાની મહામારી પરિસ્થિતિમાં સમયનો સદઉપયોગ કરતા Zoom Appની મદદથી જે વેબિનારની પહેલ કરી તે બદલ બીટુબીના ચેરમન રાજેશ મોમાયા અને તેમની ટીમનો અભિવાદન કરતા ભવિષ્યના સમયમાં આવા વિવિધલક્ષી વેબિનારનું આયોજન કરતા રહો તેમ જણાવ્યું હતું.




રાજેશ મોમાયાએ દિલીપકુમાર નાગડાને (IRS-નલિયા) આ લોકડાઉન ખુલ્યા બાદ આપણા જ્ઞાતિજનો ક્યા અને કેવા પ્રકારના વ્યાપાર કરી શકે તે વિષે ચર્ચા-વિચારણા કરી. આ વેબિનારની બાગડોર સોંપી.

દિલીપભાઈ દ્વારા ઉપરોક્ત મુદ્દાઓની ધંધાકીય પૂરી સમજ આપ્યા બાદ સવાલ-જવાબ રાઉન્ડમાં દરેક સવાલનો સંતોષકારક અને સરળ ભાષામાં જવાબ આપવામાં આવ્યા હતા.

Link - https://youtu.be/eliMzk_f-ns

........................................................................................................................

સમસ્ત મહાજનની બીટુબી ટીમ દ્વારા બીજો વેબિનારનું ૨૧ એપ્રિલ સાંજના ૪ થી ૫.૩૦ વાગે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૫૦ જેટલા લોકોએ ભાગ લીધો હતો.

Topic "Is this the end of the bull market or is it opportunity of a lifetime?".

આ બીજા વેબિનારનું સંચાલન રવિ ધરમશી (સુથરી) દ્વારા કરાયું હતું.



# નારીશક્તિ અને કે.ડી.ઓ સ્વરોજ દ્વારા વેબિનારને ભવ્ય પ્રતિસાદ







સમસ્ત ક.દ.ઓ જૈન મહાજનની મહિલા સશક્તિકરણ સમિતિ અને કે.ડી.ઓ. સ્વરોજ ટીમના ઉપક્રમે જ્ઞાતિની મહિલા ઘરબેઠા આવકના સ્ત્રોત સર્જી શકે તેમજ માસ્ક બનાવવા માટેની આવડત કેળવી શકે એ માટે ઝુમ એપ પર તા.૨૩ એપ્રિલ ગુરૂવાર બપોરે ૪ કલાકે વેબિનાર યોજાયો જેમાં સમગ્ર ભારતમાંથી ૯૪ જેટલી મહિલાઓએ જોડાઈને ઉત્તમ પ્રતિસાદ આપેલ.

આ વેબિનારની શરૂઆત સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ નિશિથ દંડએ બીટુબીની ટીમ દ્વારા આજની કોરોનાની મહામારી પરિસ્થિતિમાં સમયનો સદઉપયોગ કરતા Zoom Appની મદદથી જે વેબિનારની પહેલ કરી તે બદલ નારી શક્તિ અને સ્વરોજ યોજનાની ટીમનું અભિવાદન કરતા ભવિષ્યના સમયમાં આવા વિવિધલક્ષી વેબિનાર કરવાનું પ્રોત્સાહન આપ્યું.

આ વેબિનારમાં મિનલ ખોના, વિરાજ ધુલ્લા, દિવ્યા મોમાયા અને મહિમા દંડ એ પુરા પ્રોજેક્ટની સમજ આપી હતી. આ પ્રોજેક્ટ પ્રસ્તુત કરતાની સાથે જ સારો પ્રતિસાદ મળતા લોકોએ સામે આવીને સારા પ્રમાણમાં ઓર્ડર આપવાની તૈયારી બતાવી. માસ્ક બનાવનાર, બનાવવાનું મટેરીયલ દેનાર અને જથ્થાબંધ ખરીદનાર આવકાર્ય છે.

જેઓને પણ ઘરે બેસીને માસ્ક બનાવવાની ઈચ્છા હોય તેઓ અમારો સંપર્ક કરી શકે છે.

સંપર્ક – મનિષ લોડાયા – ૭૫૦૬૦૭૦૮૫૧, શીતલ ધુલ્લા – ૯૦૯૯૦૪૧૪૧૪.

Link - https://youtu.be/ykXC7WIHKXc

# કુસુમબેન દંડની એકાંતરા ૫૦૦ આયંબીલની આરાધના



તેરાના શ્રી નારાણજી શીવજી દંડ (વેકરા) પરિવારની પુત્રવધૂ અને શ્રી ડુંગરશી લખમસી ચુરલા પરીવારની સુપુત્રી અ.સૌ. કુસુમબેન પ્રવિણભાઈની એકાંતરા ૫૦૦ આયંબીલની આરાધના તેરા તીર્થમાં દેવગુરુની કૃપાથી શાતાપૂર્વક પૂરી થઈ છે.

તેમનો ઉપવાસ અક્ષય તૃતિયા તા.૨૫/૪/૨૦૨૦ શનિવાર તેઓ એકાસણાના પચક્ખાણ ઠામ ચોવિહારમાં માત્ર ખીરજથી પારણુ કર્યું હતું. તેરાવાસીઓ દ્વારા તપસ્વીની ભૂરી ભૂરી અનુમોદના.

# સર્વોદય મિત્ર મંડળ (ડોમ્બીવલી) દ્વારા વર્ષીતપના પારણા માટે ઈક્ષુરસનું વિતરણ









સર્વોદય મિત્ર મંડળ (ડોમ્બીવલી) દ્વારા વર્ષીતપના પારણા માટે ઈક્ષુરસ ઘરે પહોંચાડવામાં આવેલ. પરિવારના લાડીલા ભાઈ શ્રી અભય સોમચંદ માલશી લોડાયાએ ઘર ઘર જઈને ઈક્ષુરસ અર્પણ કરવાનો લાભ લીધો હતો. એ બદલ મંડળે તેમની ભુરી ભુરી અનુમોદના કરી હતી.

# ધરમશી પરિવાર દ્વારા કોરોનાના ફ્રન્ટલાઈન યોદ્ધાઓ માટે અનોખું આભાર અને એકતા પ્રદર્શન



કારોના મહામારીએ નાગરિકોમાં ભયની ભાવના સાથે સાથે આ મુશ્કેલ સમયનો સામનો કરવા માટે અનેક સદગુણો પણ સપાટી પર આવ્યા છે. મુલુંડ(વેસ્ટ) સ્થિત કલ્પનગરીમાં આવેલી ધૈવત સોસાયટીના નાગરિકોએ પણ કારોના સામે જંગ લડતા દેશના ફ્રન્ટલાઈન લડવૈયા એવા ડોક્ટર્સ, નર્સીસ અને મેડિકલ સ્ટાફ, પોલીસ, સફાઈ કર્મચારીઓ પ્રત્યે આભારની ભાવના વ્યક્ત કરવા તેમજ વાયરસ સામેની આ લડાઈમાંદેશની એકતાનો સંદેશ આપવા દીવાઓ વડે ભારતના નકશાની સુંદર રચના કરી હતી. આ રચના બનાવતી વખતે ધૈવત સોસાયટીના સભ્યોએ સોશિઅલ ડિસ્ટન્સિંગનું પૂર્ણપણે પાલન કર્યું હતું.

આ સુંદર આભાર દર્શન કાર્યક્રમનું આયોજન કરનાર ટીમ ધૈવતએ તેમાં સક્રિય ભાગ લેનાર સર્વ સભ્યોનો આભાર માન્યો હતો. તેમજ છવિ અંચન, રિદ્ધિ શાહ, માહી ધરમશી, નિશી બારુઆ, મહેક ધરમશી, સુધા અંચન, નીતા ધરમશી અને કિન્નરી ધરામશીનો ભારતનો નકશો દોરવા માટે અને ડિમ્પલ શાહનો ઈલેક્ટ્રીકલ કનેક્શનમાં સહયોગ આપવા બદલ વિશેષ આભાર માન્યો હતો.

# વરસીતપના કચ્છી દશા ઓસવાલ તપસ્વીઓએ સુખરૂપ પારણું કર્યું તે તપસ્વીઓની યાદી

ઉર્મિલા હેમચંદ ભવાનજી નાગડા, લાલા-ખિરકીયા
હરીશ રામજી લાલજી ખોના, નલિયા-ઘાટકોપર
મનીષા હરીશ રામજી ખોના, નલિયા-ઘાટકોપર
સોમચંદ લખમશી લાલજી ધરમશી, નાની સિંધોડી-મુલુંડ
અપેક્ષા દર્શન ખુશાલ મૈશેરી, નાની સિંધોડી-વાપી
દર્શક ખુશાલ ધનજી મૈશેરી, નાની સિંધોડી-વાપી
ઉત્તમ ખીમજી દેવજી મૈશેરી, નાની સિંધોડી-રાયપુર
સોનલ દીપક દેવશી મૈશેરી, નાની સિંધોડી-ડોંબિવલી
ચેતના ઝવેરચંદ કાનજી પોલડીયા, ડુમરા-વસઈ
ચિમનલાલ નાગશી નેણશી મોમાયા, ડુમરા-હુબલી
યોગેશ માણેકજી વેલજી કુરૂવા, ગોધરા-સાંગલી
પુષ્પાબેન સુરેશ માણેકજી કુરૂવા, ગોધરા-ડોંબિવલી
ધારિણી સુરેશ માણેકજી કુરૂવા, ગોધરા-ડોંબિવલી
ચંદ્રકાંત હેમરાજ પુનશી મૈશેરી, જખૌ-હૈદ્રાબાદ
ચર્મી નિખિલ વિજય મૈશેરી, જખૌ-જલગાવ
હિતેશ મોતીચંદ કરમશી શિયાલ, જખૌ-રાયપુર
ગૌરાંગી કમલેશ જૈન, જખૌ-સાંતાક્રુઝ
દક્ષા રિધ્ધિશ બિપીન છેડા, જસાપર-ડોંબિવલી
રિધ્ધિશ બિપીન વિસનજી છેડા, જસાપર-ડોંબિવલી
હંસા વિજય લીલાધર લાપસીયા, દલતુંગી-નાંદેડ
વિજય લીલાધર ગાંગજી લાપસીયા, દલતુંગી-નાંદેડ
રમેશ હિરજી વેલજી લોડાયા, દલતુંગી-ડોંબિવલી
ચેતન માણેકજી વેરશી નાગડા, પરજાઉ-તિરૂપુર

મિનલ ચેતન માણેકજી નાગડા, પરજાઉ-તિરૂપુર
વિભા ગિરીશ પુનસી મુનવર (વોરા), રંગપુર-મુલુંડ
કોકિલા ગિરીશ લાલજી દેસાઈ, સાંયરા-રાયપુર
મિનલ ગંગાજર કેશવજી મોમાયા, સાંયરા-ચેન્નઈ
અંજના રાજેન્દ્ર ઉમરશી લાપસીયા, સાંયરા-રાયપુર
નિલેશ રાયચંદ ભવાનજી ધરમશી, કોઠારા-બાંદ્રા
દિલિપ ટોકરશી શામજી લોડાયા, કોઠારા-ડોંબિવલી
મનિષા દિલિપ ટોકરશી લોડાયા, કોઠારા-ડોંબિવલી
અલકા હિરાચંદ ધરમશી, સુથરી-યવતમાલ
મિના ભરત કલ્યાણજી પીર, સુથરી-મુલુંડ
લલીત નરશી પદમશી લોડાયા, સુથરી-ટિટવાલા
વિનોદ કુલીનકાંત પદમશી ડાઘા, વરાડિયા-મુલુંડ
સંગિતા ભરત હંસરાજ વિકમશી, વારાપધર-ડોંબિવલી
રૂપાલી લિતિન ખીમજી મોતા, વારાપધર-હૈદ્રાબાદ
મીનકલ મોહિત કિશોર લોડાયા, તેરા-આનંદ
મોહિત કિશોર કલ્યાણજી લોડાયા, તેરા-આનંદ
મેઘના સુનિલ નવીનચંદ્ર ખોના, વાંકુ-જલગાવ
માલિકા ખિરેશ લલિત દંડ, છાડુરા-મુલુંડ
રિતેશ મુલચંદ હિરજી ગડા, ગોરેસમા-રાયપુર
અનુરાધા સંજય રાયચંદ ગડા, ગોરેસમા-રાયપુર
હિરાચંદ રાયચંદ કાનજી ધુલ્લા, સુથરી-મુલુંડ
મિનાક્ષી કિરીટ હંસરાજ ડાઘા, વરાડિયા-મુલુંડ
અજય લક્ષ્મીચંદ વિસનજી ધરમશી, કોઠારા-બીજાપુર


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

## દુનિયા ઝુકતી હૈ ઝુકાનેવાલા ચાહીયે

# કિર્તીભાઈ ધરમશી, તીલકચંદ લોડાયા અને યશ કારાણીની મહેનત રંગ લાવી





સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી કિર્તીભાઈ ધરમશી, ઈન્સ્યુરન્સ ખોજ.કોમ વાળા યશોધન કારાણી અને રીટાયર્ડ ઈન્કમટેક્સ કમિશ્નર તીલકચંદ લોડાયાની કલ્પના શક્તિ અને બહોળા અનુભવથી આપણી જ્ઞાતિનો જે મુખ્ય વ્યવસાય જે ટ્રાન્સપોર્ટનો છે તેમને કઈ રીતે આવનારા કપરા સમયમાં મદદરૂપ થઈ શકીએ તે માટે આ ત્રણેય મહારથીઓએ ઘણી ચર્ચા વિચારણા કરી અને મોટી જહેમત બાદ વિવિધ ઈન્સ્યુરન્સ કંપનીઓ સાથે ચર્ચા કરી એક એવી બ્લુ પ્રિન્ટ તૈયાર કરી જેનાથી આપણા દરેક ટ્રાન્સપોર્ટર ભાઈઓને ઈન્સ્યુરન્સ પ્રિમીયમમાં સારામાં સારી પ્રિમીયમમાં રાહત મળી રહેવાની છે. જો વેપારી ભાઈ આ સ્કીમમાં લાભ લેવા માંગતા હોય તેમને નીચેની અમુક શરતોનું પાલન કરવું પડશે તો તેને આવનારા સમયમાં મોટામાં મોટી રાહત મળી શકશે.

કેડીઓ ટ્રાન્સપોર્ટર્સના વાણિજ્ય વાહનો (જીસીવી) તેમજ એ.ઓ.પી. દ્વારા કે.ડી.ઓ. મધ્યસ્થીની તમામ ચીજો

પ્રીમિયમ બે ભાગો સમાવે છે.

૧. અધિનિયમ ફક્ત અથવા થર્ડ પાર્ટી (ટી.પી.): - આ આઇઆરડીએ મુજબ ટેરિફ દ્વારા નક્કી કરવામાં આવે છે.

૨. કોમ્પ્રિહેન્સિવ અથવા ઓનર ડેમેજ (ઓડી) + થર્ડ પાર્ટી (ટીપી): - કંપની જીવીડબ્લ્યુ અને આરટીઓ નોંધણીના આધારે ઓડી ભાગ પર ૯0% સુધીની છૂટ આપે છે.

IM. આઇ.એમ.ટી. ૨૩ અને એન.આઈ.એલ.ના અવમૂલ્યન જેવા જોખમોને આવરી લેવા જેવા થોડા. ઓન્સ હશે. જેને પ્રીમિયમ ચૂકવીને નીતિ લેતા સમયે પ્રસ્તાવક દ્વારા પસંદ કરી શકાય છે. જો કે ૧00+ ટેલર દ્વારા બનાવવામાં આવેલા એસએલએવાળા કાફલાના માલિકોના કિસ્સામાં મુસદ્દો બનાવી શકાય છે.

Base. તમામ કંપનીઓની અન્ય માનક વાણિજ્ય વાહન વીમા ૫ જ્ઞહશભશયતલિસી અનુસાર નિયમો અને લાભોને આવરી લેતી બેઝ પોલિસી શબ્દો, એનસીબી.

Prop. દરખાસ્ત, નવીકરણ અને સમર્થન સર્વિસિંગ અને પોલિસી જારી કરવાનું કામ એક સિંગલ વિંડોથી થાય છે. આ સંદેશાવ્યવહાર માટે એક બિંદુનો સંપર્ક હશે.

Cla. દાવો ઈન્ટીમેશન, સર્વિસિંગ અને સેટલમેન્ટ એક જ વિંડોમાંથી સંભાળવામાં આવે છે, જોકે ભારતના કોઈપણ ભાગમાં દાવો ઉભો થાય છે અને આ પરિણામ સરળ ટ્રેકિંગ અને ઝડપી સમાધાનમાં પરિણમે છે. આ સંદેશાવ્યવહાર માટે એક બિંદુનો સંપર્ક હશે.

Prop. દરખાસ્ત, નવીકરણ અને સમર્થન સેવા તેમજ દાવાની ઈન્ટિમેશન, સર્વિસિંગ અને સેટલમેન્ટ માટે કોઈપણ સેવા શુલ્ક મુક્ત રહેશે.

૮. ફક્ત સહાયક તરીકે એઓપીની ભૂમિકા અને તે કોઈપણ સેવા શુલ્કથી મુક્ત રહેશે.

૯. દરખાસ્ત કરનાર તેમના વાહનોની નિયત વિગતો ૧૨ મહિનામાં વાહનના બધા વાહન માટે વીમા કરાવવાની રહેશે. તે ડિસ્કાઉન્ટને આધારે વીમા કંપની દ્વારા આપવામાં આવશે. પ્રીમિયમ ફક્ત સીધા વીમા કંપનીને જ ચૂકવવામાં આવશે. નીતિઓ પણ સીધી મોકલવામાં આવશે. આ સંદેશાવ્યવહાર માટે એક બિંદુનો સંપર્ક હશે.

૧0. એઓપીને વાહનોની ઓળખ કરવા માટે જાણ કરવામાં આવશે જે વર્ષો પછી અમારા કહેવા પર જોડાયા છે. એમઆઈએસ આંકડાકીય હેતુ માટે એઓપીને નિયમિત સંમત અંતરાલો પર આપવામાં આવશે.

૧૧. આ નીતિઓ ચોક્કસ સમયગાળાના કરારો હશે. પોલિસી નવીકરણ દર વર્ષે વીમાની પસંદગી કરવામાં આવશે.

૧૨. કોઈપણ કેડીઓ મધ્યસ્થી પોતાને વ્યવસાય સેવા અને મહેનતાણું માટે નોંધણી કરી શકે છે.

ઉપરના જે પણ ફાયદાઓ મળે છે તેમા સમયાંતરે તેની વધઘટ થશે.

|| ડોંબિવલીના રાજરાજેશ્વર શ્રી સુવિધિનાથાય નમો નમઃ ||

# શ્રી અચલગચ્છ જૈન સંઘ - ડોંબિવલી



સંઘપ્રેરક : શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

સંચાલિત

## શ્રી ગુણવાત્સલ્ય સાધર્મિક ભક્તિ કેન્દ્ર - ડોંબીવલી

(પ્રેરક : પ્રવચન પ્રભાવક પ.પૂ. મુનિશ્રી દેવરત્નસાગરજી મ.સા.)

## આવો લોકડાઉનના સમયમાં આપણા સાધર્મિકોને આધાર આપીએ...



આવા કપરા દિવસોમાં આપણા **મધ્યમવર્ગીય સાધર્મિકો ભીંસાઇ** રહ્યા છે.
માર્ચ મહિનાના દિવસો પસાર થઇ ગયા...એપ્રિલ પુરો થવા આવ્યો છે...
અનેક સંસ્થાઓ, ભાગ્યશાળીઓએ દાનગંગા વહાવી સહાય કરી....
કોઇએ રોકડા આપ્યા...કોઇએ બેંકમાં જમા કરાવ્યા... કોઇએ અનાજની કીટ આપી..
**ડોંબીવલીના મધ્યમવર્ગીય આપણા સાધર્મિકો જ્યાં બાર સાંધે**
**ત્યાં તેર તુટેની પરિસ્થિતિમાંથી પસાર થઇ રહ્યા છે.**
પગાર આવ્યા નથી, નાના ગૃહઉદ્યોગો બંધ પડયા છે, ઘરમાં બિમારી છે,
**લાચાર બની ક્યાં ક્યા જશે એ...**
લોકડાઉન ક્યારે ખુલશે...કોઇ એંધાણ દેખાતા નથી.... અને
ખુલ્યા પછી નોકરી/પગાર નાના ધંધાવાળા વળી પાછા ક્યારે/કિટલા સમયમાં સેટ થઇ શકશે કંઇ સમજ પડતી નથી.

**આવા કપરા સમયમાં આપણે આપણા સાધર્મિકોની સાથે રહીએ...અને ધર્મમાં સ્થિર કરીએ...**
**આપણે કોઇના ઘરે નથી જઇ શકતા....પણ હાલના તબક્કે લોકોના હૃદય સુધી પહોંચવાની જરૂર છે,**

ઘણા પરિવાર માટે આ દિવસો અને હજી આવનાર દિવસો ખૂબ કપરા રહેવાના છે.
**આવો આપણા ડોંબિવલીના સાધર્મિકોની પડખે નહીં પણ સાથે રહીએ** અને
આપણા સાધર્મિકોની સાથે રહેવા "મે" મહિનાના કપરા દિવસોમાં તેઓ પોતાનું ગુજરાન સરળતાપૂર્વક ચલાવી શકે
**તે માટે મહિના દરમ્યાનની જીવન જરૂરિયાતની "કીટ" આપી તેઓને સહાયક બનીએ.**
આવો પુણ્યવંતા પુણ્યશાળીઓ !
આપને મળેલ લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવવાનો આ સુંદર અવસર આવ્યો છે.

**જે માંગી નથી શકતા, જે હાથ લંબાવી નથી શકતા, જે બોલી નથી શકતા...**
**એવા ડોંબીવલીના આપણા હજારો સાધર્મિકોને એક આધાર આપવાનો કાર્ય કરીએ...**

### આ રહી સાધર્મિકોને આધાર આપવાની યોજનાઓ

| | | | | | |
|---|---|---|---|---|---|
| રૂા. 1,51,000 | રૂા. 1,00,000 | રૂા. 51,000 | રૂા. 25,000 | રૂા. 11,000 | રૂા. 5,000 |
| પ્લેટીનમદાતા | ગોલ્ડનદાતા | સીલ્વરદાતા | સહયોગીદાતા | શુભેચ્છકદાતા | સ્તંભદાતા |

**એક પરિવારને એક મહીનાની જીવન જરૂરિયાતની કીટના દાતા માત્ર રૂા. ૧,૫૦૦/-**

Account Name :
Shree Achalgach Jain Sangh Dombivli
Bank of Baroda, Dombivli (E) Branch
IFSC CODE : BARB0DOMBIV
A/C No. : 07330100021108

આપે ટ્રાન્સફર કરેલી રકમની સ્લીપ/મેસેજ નો ફોટો આપેલ નંબર પર વોટ્સઅપ કરવા વિનંતી.

| | | |
|---|---|---|
| પ્રવિણ લોડાયા | દેવેન્દ્ર ગડા | નીકુંજ હરીયા |
| 98205 65261 | 93217 63931 | 98218 07680 |

તા.ક. : અન્ય સંસ્થાઓ, મહાજનો, મંડળોને નમ્ર વિનંતી કે
સાધર્મિકોને સહાય કરવા આપ સહુ પણ અમારી આ યોજનામાં જોડાઇ કાર્ય કરશો,
તો એક છત્ર નીચે કાર્ય થઇ શકશે અને વધુ સાધર્મિકો સુધી પહોંચી શકશું.

લિ. : માનદ્ મંત્રીઓ

BINITA S. MARU

# છતીસગઢ ક.દ.ઓ. જૈન યુવા મંડળ કોરોના સામે લડવા સંદેશો આપ્યો




શ્રી છતીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન યુવા મંડળના સભ્યોએ હાલમાં પ્રવતર્તી કોરોના મહામારી માટે લોકોને સમજણ આપવા અને તેનાથી બચવા માટે સંદેશો આપ્યો હતો. આવો બધા સાથે મળીને કોરોનાને હરાવીએ, આવો કોરોનામુક્ત દેશ બનાવીએ તથા કોરોના હારશે દેશ જીતશે. સ્ટે હોમ, સ્ટે સેફ જેવા લખેલા કાર્ડબોર્ડ ડીસ્પલે કરીને આ મહામારી સામે મુકાબલો કરવા આપણે સૌ સાથે છીએ એવો એકાત્મ ભાવનાનો સંદેશો સૌને આપ્યો હતો.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# રાયઘણજર સંઘમાં જિનાલયનો ૨૩૦મો ધ્વજારોહણ ધર્મભાવથી થયો





તા.૨૪ એપ્રિલ, શુક્રવાર દિને કચ્છના રાયઘણજર નગરે જિનાલયનાં ૨૩૦માં ધ્વજારોહણનો અવસર હાજર રહેલ ૧૫ જેટલા ભાઈ-બહેનો સંગે સવારે ૯ થી ૧૦.૩૦ કલાકે ભવ્યતાથી દિવ્યતાથી વિધિપૂર્વક ઉજવાયો.

સાધારણ પણે દેશાવરમાં વસતા હોઈએ ત્યારે પોતાના ગામે જવા સાથે સગાઓ હોય તે ગામમાં જઈએ પણ ક્યારેક આવા ગામમમાં ખાસ જિનાલયના ભાવ અને શ્રદ્ધા સાથે દર્શનાર્થે જવું જોઈએ અને પ્રત્યક્ષ રીતે જોવું જોઈએ. અત્રેના જિનાલયને ૨૩૦ વર્ષ થયા અને હજી જિનાલય અડીખમ, સાબૂત અને અકબંધ રીતે ધર્મ અને શ્રદ્ધાની ધજા લહેરાવતું ઊભુ છે.

આ ગામની એક વિશેષતા એ નોંધવી જોઈએ કે અત્રે ૯૦થી વધારે જૈન પરિવારોની અટક ગડા છે. અહીં ૧૯૮૩માં પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદય સાગરસૂરિશ્વરજી મ.સા.નું ચાતુર્માસ થયેલ. એવી માહિતી મહાજન સ્થાનિક ટ્રસ્ટી દિનેશ રતનશી ગડાએ વિશેષમાં આપી હતી. આ કાર્યક્રમના લાભાર્થી કાયમી દાતા પરિવાર માતુશ્રી સુંદરબાઈ વાલજી ભાણજી રહ્યાં હતા.






# ખામગામમાં ઘરબેઠા સમયનો સદુપયોગ સાથે
# ધર્મ આરાધના અને ભક્તિ કાર્ય





સમગ્ર દેશમાં હાલે કોરોનાને કારણે સર્વત્ર લોકડાઉન પ્રવર્તે છે. ધંધા રોજગાર ધર્મસ્થાનો સર્વજન માટે બંધ છે. મનોરંજન માણવાના સ્થળો પણ પ્રતિબંધ હેઠળ છે. લોકો ૪૦ દિવસ માટે ઘરમાં ખેબે છે ખામગામ સંઘમાં આ કપરા કાળમાં અનોખી પહેલ કરી પુણ્ય અર્જિત કરવાનો નવો પ્રયોગ લાવ્યા છે સૌ.હર્ષા મનોજ નાગડા.

ખામગામના સ્થાનિક રહેવાસી અને ક.દ.ઓ. જ્ઞાતિના બહુમુખી પ્રતિભા ધરાવતા હર્ષાબેન વિવિધ રમત કલા અને ધર્મ ભક્તિના કાર્યોના માહિર છે અને સફળ કલાસર્જક છે. તેઓ ઘરે બેઠાં સમયનો સદુપયોગ સાથે પોતાના કર્મની નિર્જળા કરવાનો એક અનુપમ તરીકો અપનાવ્યો છે. જેને લગભગ બે હજાર લોકોનો પ્રતિસાદ મળ્યો છે. હાલની પરિસ્થિતિને કારણે સર્વ ધર્મના ધર્મસ્થાનો મંગલ છે. જેને કારણે કોઈ મંદિર જિનાલયમાં જઈ દર્શન કે ધર્મ ભક્તિ કરી શકતા નથી. તો ઘરબેઠા રહીને પ્રભુ સેવા કરીએ એ વાત સૌને હર્ષા નાગડાએ સમજાવી.

જૈન ધર્મના ભક્તિ સંસ્કાર પ્રમાણે જ્યારે સંઘના શ્રાવક શ્રાવિકાઓ જિનાલયમાં દર્શનાર્થે જાય ત્યારે સાથે અક્ષત-ચોખા લઈ જઈ ત્યાં સાથીયો-સ્વસ્તિક-કરવાની વિધિ હોય છે. જે કર્યા બાદ તેની ઉપર ફળ કે નૈવેદ્ય તરીકે મૂકવામાં આવે છે.

આ ધર્મ આરાધના ભક્તિમાં સિદ્ધશિલા ચંદ્રમા જેવો આકાર દર્શન, જ્ઞાન, ચારિત્ર અને અક્ષતના નંદાવત-સાથિયા ગહુલી બનાવાની વિધિ હોય છે.

આ સમયે ઘરમાં સૌ રહીને સમયના સદુપયોગ સાથોસાથ ધર્મસંસ્કાર વધારો કરે એ માટે હર્ષા મનોજ નાગડા અને તેમની ટીમ નિઃશુલ્ક ઓનલાઈન, વોટ્સએપ, ફેસબુક, યુટ્યુબ ઉપર ગહુલી બનાવવાના કલાસ શરૂઆત કરી છે. આ કલાસમાં ૫૦૦થી વધુ ગહુલીની ડિઝાઈન એમના દ્વારા બનાવાઈ છે અમાંથી રોજની બે ડિઝાઈન સૌને શીખડાવે છે. આમ ધર્મ સાથે જોડવાનો નવતર પ્રયોગ તેઓ સફળ રીતે કરી રહ્યાં છે.

આમ ધર્મ સંસ્કાર રોપણ સાથે ધર્મના પ્રભાવથી સંકટ જલદી દૂર થાય એવો મંત્ર સૌ પામે છે. એવી કોશિષથી સૌનો મનોબળ વધે છે. કાર્ય ઉર્જા પણ ખીલે છે. આ રીતે આમાં નાનીથી મોટી ઉમરના સૌ ઉમંગભેર જોડાયા છે. સુંદર પ્રતિસાદ આપી રહ્યા છે.

આ ટીમમાં વીડિયો સંકલન મનોજ નાગડા તથા આદિત્ય નાગડા ખામગામ, સોશ્યલ મીડિયા અને વોટ્સએપ તથા ફેસબુક પેજનું હેન્ડલીંગ કોમલ અભિષેક કુરુવા હુબલી, યુટ્યુબ ચેનલ હેન્ડલીંગ રજત ગૌતમ શાહ સીહોર મધ્યપ્રદેશથી અલગ અલગ શહેરોથી ઘરોમાં રહીને પોતાની રીતે કરી રહ્યાં છે.

આ ગ્રુપનું નામ જૈન ગહુલી બાય હર્ષા મનોજ નાગડા ખામગામ છે. જેમાં આપ પણ સૌ જોડાઈ સમયના સદ્પયોગ સાથે ધર્મ સંસ્કાર ભાવના રોપણ કરી કૃતાર્થ ભાવ અનુભવી શકો છો.

# કચ્છમાં અટવાઈ ગયેલા મુંબઈના કે.ડી.ઓ. જ્ઞાતિજનો જોગ ઉપયોગી સંદેશ

હાલમાં સમગ્ર કચ્છ જિલ્લામાં મુંબઈના આપણા કે.ડી.ઓ. જ્ઞાતિજનો લોકડાઉન અગાઉ ત્યાં ગયા હતા ત્યાર બાદ અચાનક લોકડાઉન જાહેર થતાં પેસેન્જર ટ્રેનો, બસો અને વિમાન સેવા સદંતર બંધ થવાને લીધે ત્યાં અટવાઈ ગયા છે. તેમના નામ, ગામ અને મોબાઈલ કિરણ કુમાર મણિલાલ પદમશી મોમાયા વરાડીયાને મો.નં. ૯૨૨૫૧૯૩૮૭૧ ઉપર મોકલવા. તેઓને ઉતમભાઈ મોમાયા-સાંયરા, કલ્પેશભાઈ મોતા-રાપર, ગઢવાળી, અમિત મોમાયા પટેલ-વરાડીયા તથા કચ્છ મહાજનના સાથ સહકારથી મુંબઈ પાછા આવવા સુધી જે પણ મદદ થાય તે કરવા કોશિષ કરાશે.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા


## CASE No.: 19 CLOSED

**PATIENT : MISS MRUDULA MULJI MOMAYA**

AGE 69, VARADIA-CHINCHPOKALI, MUMBAI

## THANK YOU

COMMITMENT RECEIVED

**Well Wisher Rs. 35000/-**

**Shree Varadia Trust Funds (Varadia Mahajan) Rs. 11000/-**

**Mr. Purvesh C. Momaya Rs. 10,000/-**

**Mr. Dipesh C. Momaya Rs. 10,000/-**

**for Your Very Generous Support.**

**We Could Close the Case Immediately**

KDO SANJIVANI

**Shri Samast KDO Jain Mahajan Medical Committee**

For Live Donations on Sanjivani App pls contact: **+91 90990 41414**

# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ મુંબઈ દ્વારા શાંતિજિન સાધર્મિક ભક્તિ સેવા અભિયાન

કોરોના વાઈરસના કારણે કપરા કાળમાં સર્જાયેલી સંકટ ભરીસ્થિતિમાં હાલની પરિસ્થિતિને અનુલક્ષી કચ્છના શહેરો અને કચ્છના ગામોમાં વસતા કેડીઓ જ્ઞાતિના જરૂરિયાતમંદ પરિવારોને મદદરૂપ થવા કાજે. સાધર્મિક અભિયાન દ્વારા આધિકારીતે મદદરૂપ થવા શ્રી શાંતિ જિન જૈન જાગૃતિ મુંબઈ દ્વારા વિચારી વિમર્શ થઈ રહ્યો છે. જે પણ પરિવારને જરૂરત હોય તેવા પરિવારોએ આયોજનામાં નામ લખાવવા વિનંતી છે. આ માટે વસતીપત્રક નંબર, પુરૂ નામ, નૂખ, ગામ, એડ્રસ, મોબાઈલ નંબર, બેંક વિગત, કેન્સલ ચેકની કોપી, આધાર કાર્ડ કોપી, વોટ્સએપ અથવા ઈમેલ દ્વારા કાર્યકર ભાઈઓને મોકલવા. અબડાસા વિસ્તાર માટે સંપર્ક : કેવલ જયેશ લાલકા-૯૮૩૩૮૨૮૨૧૯ Klalka093@gmail.com માંડવી, મુંદ્રા ભુજ, ગાંધીધામ વિસ્તાર માટે યશ વીરેન્દ્ર લોડાયા મોનં. ૯૬૧૯૫૦૮૧૭૦ ઈમેલ yshah2410@gmail.com

તા.૨૨ એપ્રિલથી તા.૨૪ એપ્રિલ સુધી નામ લેવામાં આવશે.

અધ્યક્ષ જયેશ જૈન, ઉપાધ્યક્ષો ગોવિંદજી પટેલ, પ્રવીણ લોડાયા. શ્રી શાંતિજિન જૈન જાગૃતિગ્રુપ મુંબઈ.


Samast Mahajan, Sanjivani Initiative

KDO

**CASE No.: 19**

**DONATION NEEDED!**

**Miss Mrudula Mulji Momaya**

**Age 69, Varadia-Chinchpokali, Mumbai**

**Admitted in Ashiward Hospital, Mulund on 22nd April with Severe Bilateral Lower Limb Cellulitis.**







**DONATION REQUIRED Rs.66,000**

Bank Details:
Name: Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
Bank : Dena Bank Branch : Mulund (West)
S. A/C. No. 009410031785
IFSC code. : BKDN0460094

For Live Donations on Sanjivani App pls contact: +91 90990 41414

Shri Samast KDO Jain Mahajan Medical Committee

In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 90990 41414

# પ.પૂ.સા.શ્રી હિરગુણાશ્રીજી મ.સા.નો સંયમીજીવનનો ૬ઠ્ઠા વર્ષમાં પ્રવેશ





વૈશાખ સુદ છઠ સંવત ૨૦૭૧ તા. ૨૪ એપ્રિલ ૨૦૧૫ ધન્ય દિવસે સાંધવ કચ્છના પુણ્યશાળી માવિત્ર અં.સો.મીનાબેન મણિલાલ પદમશી ખોનાના ધર્માનુરાગી પુત્રી મુંબઈ ભાંડુપ નગરે પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સાના હસ્તે દીક્ષા ગ્રહણ કરી અને પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજા મ.સા.ના શિષ્યા બન્યા અને પ.પૂ.આ.શ્રી હિરગુણાશ્રીજી મ.સા.નું નામકરણ થયું. તા.૨૪ એપ્રિલ ૨૦૨૦ ગુરૂવારના રોજે તેમના સંયમી જીવનની પાંચમી વર્ષગાંઠ નિમિત્તે દીક્ષા મહોત્સવની સ્મૃતિઓને તાજી કરીએ સાથે દીક્ષાજીવનના છઠ્ઠા વર્ષે પ્રવેશને વધાવીએ.


JAYMAN KHONA - 9869473339

anmol COLLECTION

ART & FRAMES

ORIGINAL PAINTINGS | CUSTOM FRAMING
FINE ART MATERIALS

8, Ground Floor, Bhawani Premises Co-op.Soceity Ltd.,
Off.Jain Mandir Road, IIT Pawai, Mumbai - 400 076.
Mob.: +91 98692 73314 | Tel.: +91-22-2579 2122
Email : info@anmolartframes.com
/anmolartnframes

LARIN KHONA - 9820193339

Anmol Balaji Broking
Estate and Investment Consultant

MAHARERA ID : A51800000364

8, Ground Floor, Bhawani Premises Co-op.Soceity Ltd.,
Off.Jain Mandir Road, IIT Pawai, Mumbai - 400 076.
Off.: +91 98692 83338
Email : anmolbalajibroking@gmail.com
/anmolbalajibroking

# ઈક્ષુરસ પારણા મહોત્સવ આરાધના આચાર્યશ્રી કલાપ્રભસાગરસૂરીશ્વર મ.સા. દ્વારા યુટ્યુબ ઉપર લાઈવ થઈ

ચતુર્વિધ સંઘના સમુહ વર્ષીતપ ઈક્ષુરસ પારણા મહોત્સવ શ્રી અચલગચ્છ જૈન સંઘ દ્વારા અખાત્રીજ દિવસે સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભ સાગરસૂરિશ્વરજી મ.સા. આદિપૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રામાં કે.જે. સોમૈયા ગ્રાઉન્ડ ચુનાભઠ્ઠી (પૂર્વ) સાયન મધ્યે યોજવાનું નિર્ધારીત થયું હતું. જે માટેની તડામાર તૈયારીઓ પણ થઈ ગઈ હતી. પણ સમય અને સંજોગો વિપરીત થઈ ગયા. ન જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે. એ ઉક્તિ સાચી પડે એવું થયું. કોરોના મહામારીને કારણે સરકાર દ્વારા પ્રતિબંધ લાગુ પડ્યા. દરેક ધર્મના તીર્થ ધામોને તાબા લાગી ગયા. દેશમાં સર્વત્ર લોકડાઉન લાગું થયું ને સૌ પોતપોતાના ઘરે, સ્થળોએ બંદીવાન બની રહેવાનાં દિવસો સર્જાયા.

આથી વિમાસણ ભરી સ્થિતિ છતાં સૌ ધર્મ આરાધના પોતપોતાના ઘરે રહી કરતાં હતા. આધુનિક ટેક્નોલોજીને સહારે ઈક્ષુ રસના પારણા મહોત્સવ પ્રસંગે સૌ ઘરે રહી આરાધનાઓ કે એ માટે તા. ૨૫ એપ્રિલ સવારે ૯.૩૦ કલાકે પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના લાઈવ પ્રવચન યુટ્યુબ ઉપર રજૂ થયો તથા દાદાગુરૂ આ.ભ.શ્રી આર્યરક્ષિત સૂરીશ્વરજી મ.સા. દ્વારા આજના પાવનકારી દિવસે ઉદ્ઘોષણા પ્રવચનનું પણ આયોજન લાઈવ થયું હતું.


શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
મેડિકલ સમિતિ
KDO
KDO SANJIVANI

પરોપરકારનો અર્થ છે બીજાઓની ભલાઈ કરે.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત જાત, પારકા પરાયા ના જોવે અને બીજાનું ભલુ કરે.
બીજાઓ માટે વ્યક્તિ કેટલુ જીવીઓ એનાથી તેના જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
અન્યોની મદદ માટે કરેલા પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.
આ વાત ને સાર્થક કરી રહેલ જ્ઞાતી ના મહાનુભવો ...





માતુશ્રી મધુરીબેન ભવાનજી લોડાયા
કચ્છ - કોઠારા- ચાલીસગામ / વિદ્યાવિહાર

સંજીવની રજત પેટ્રોન
Rs. 25,000/-

# જખૌનગરના ૧૭૨ વર્ષ પ્રાચીન રત્નટુંક જિનાલયનું જીર્ણોધ્ધાર કાર્ય પ્રગતિ પર છે




કચ્છ અબડાસાની મોટી પંચતીર્થીમાં જખૌ ગામનું ૧૭૨ વર્ષ પ્રાચીન રત્નટુંકમાં જિનાલય સંકુલ ૧૦ ટુંકથી શોભે છે. શ્રી મહાવીર સ્વામી તીર્થાધિપતિ છે. અન્ય ટુંકમાં સુવિધીનાથજી, ચૌમુખ જિનાલયમાં આદેશ્વર દાદા, ચિંતામણી પાર્શ્વનાથ, ગોડીજી પાર્શ્વનાથ, શાંતિનાથજી ચંદ્રપ્રભુ વિગેરે તીર્થંકર મૂળ નાયક સ્વરૂપે બિરાજમાન છે. મહાવીર સ્વામી જિનાલયની બિલકુલ સામે ગૌતમ સ્વામીની સિદ્ધ અવસ્થામાં દેવ કુલિકા છે.

હાલે સંકુલમાં જીર્ણોધ્ધારનું કાર્ય પ્રગતિ પથ પર છે. સંકુલમાં ઉપાશ્રય જ્ઞાનશાળા જ્યાં ૩૦૦ થી વધારે દુર્લભ હસ્તલિખિત ગ્રંથો, અતિથિગૃહ અને ભોજન શાળાની સગવડ છે.

એક સમયે ગામમાં ૩૦૦ શ્રાવકોના ઘર હતા. વર્મમાનમાં ૧૭ ઘર ખુલ્લા છે. અને ૪૫ શ્રાવક-શ્રાવિકાઓ રહે છે. ગામમાં પાંજરાપોળમાં ૩૦૦ ગાયોનો નિભાવ, સગવડ સચવાય છે. હાલે લોકડાઉનને કારણે સરકારી સૂચનાનુસાર જિનાલય સવારે ૭ વાગ્યાથી ૧૧ વાગ્યા સુધી ખુલ્લું હોય છે અને હાલે ભોજનશાળા ફક્ત સ્ટાફ માટે જ ખુલ્લી છે. સાધુ, સાધ્વી ભગવંતોની અવરજવર ચાલુ હોય છે. ચાતુર્માસનો લાભ પણ મળે છે. હાલે લોકડાઉન પરિસ્થિતી હોતા કોઈ સાધુ, સાધ્વીજી નથી. જખૌ તીર્થ આ.ભ.કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. અને આ.ભ. વીરભદ્રસાગરસૂરિશ્વરજી મ.સા. સાથો સાથે બીજા ઘણા સંયમ રત્નોનું જન્મસ્થળ ભૂમિ છે.




આ માહિતી હરીશભાઈ દામજી ધરમશી મેનેજીંગ ટ્રસ્ટી શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટો દ્વારા અપાઈ છે.

# મોટી સિંધોડી તીર્થ જિનાલયનો ધ્વજા મહોત્સવ થયો






કચ્છ જિલ્લાના અબડાસા તાલુકાના મોટી સિંધોડી નગરમાં મૂળનાયક ગિરનાર તીર્થ મંડન શ્રી નેમિનાથ ભગવાનનું લગભગ ૯૦ થી ૯૫ વર્ષ જૂનું દેરાસર છે. અત્રે મૂળનાયક તરીકે ૭૫૦ વર્ષથી વધુ જૂની પ્રતિમા બિરાજમાન છે સાથે શ્રી અનંતનાથ દાદા અને શ્રી સુમતિનાથ દાદા બિરાજમાન છે.

અત્રે હાલે અચલગચ્છાધિપતિ તપચક્રવર્તી પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગર સૂરિશ્વરજી મ.સા.ના આશીર્વાદથી નૂતન જિનાલય જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે. દાદાની અસીમ કૃપા અને ગુરૂ ભગવંતોના આશીર્વાદથી બધા કાર્યો શુભ મંગલમય રીતે થઈ રહ્યાં છે. અત્રે જૈનોનું ફક્ત એકજ ઘર ખુલ્લું છે.

જિનાલયનો ધ્વજા મહોત્સવ તા. ૨૫ એપ્રિલ શનિવાર રોજે સાદાઈથી છતાં પૂર્ણ ધાર્મિક વિધિ વિધાનથી ઉજવાયો.








# ૭૨ જિનાલયમાં બિરાજમાન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.એ તપસ્વીઓના ઓનલાઈન પારણા કરાવ્યાં



જૈન ધર્મમાં હજારો વર્ષથી ચાલતા વરસી તપની સાધનાનું અનેરું મહત્વ છે. એક દિવસ ઉપવાસ અને એક દિવસ પારણું એવા ૧૩ મહિનાના તપની પરિયરા જૈન ધર્મના પહેલા તીર્થંકર ભગવાન આદિનાથ શરૂ કરી હતી. દર વર્ષ દેશ-વિદેશમાં વસતા જૈનો મોટી સંખ્યામાં વરસી તપ કરે છે. ૪૦૦ દિવસના તપ બાદ સાધુ-ભગવંતોની નિશ્રામાં મોટા પાયે પારણાંનું આયોજન કરવામાં આવે છે. જોકે અત્યારના કોરોનાના સંકટને લીધે પારણાં મહોત્સવનું આયોજન શક્ય ન હોવાથી ટેકનોલોજીના માધ્યમથી અચલગચ્છાધિપતિ શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.એ તા.૨૫ એપ્રિલના વરસી તપની સાધના કરનારા ૪૦૦ થી વધુ તપસ્વીઓને માંગલિક સંભળાવીને પારણાં કરાવ્યાં હતાં.



અચલગચ્છ સંપ્રદાયની માતૃસંસ્થા શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતામ્બર જૈન સંઘ દ્વારા ૨૯ વર્ષથી મુંબઈમાં સામુહિક રીતે દરેક તપસ્વીનાં પારણાનું આયોજન થાય છે. જેમાં દેશભરના ૨૫૦થી ૩૦૦ તપસ્વીઓ જોડાય છે. આ વર્ષે ચૂનાભઠ્ઠીમાં આવેલા સોમૈયા ગ્રાઉન્ડનું બુકિંગ ગયા વર્ષે ઓક્ટોબર મહિનામાં જ કરી દેવાયું હતું.

વરસી તપ પારણાં સમિતિના કન્વીનર હરખચંદ ગંગરે જણાવ્યું હતું કે 'કોરોનાના સંકટને લીધે આજની સ્થિતિમાં કોઈ પણ કાર્યક્રમનું આયોજન કરવું મુશ્કેલ છે. આથી દેશભરના વરસીતપ તપસ્વીના પારણાનાં પચ્ચકખાણ મહારાજ સાહેબ ઓનલાઈન આપી શકે એ માટે યુટ્યુબ લાઈવનો કન્સેપ્ટ અને એક ફોટોગ્રાફરને ૭૨ જિનાલયમાં બિરાજમાન મહારાજ સાહેબ પાસે મોકલીને ઊભો કર્યો હતો.

મહારાજ સાહેબે માંગલિક સંભાળ્યા બાદ પારણાંના પચ્ચકખાણ આપ્યાં હતા. સૌએ પોતપોતાના ઘરે બેસીને કમ્પ્યુટર, લેપટોપ કે મોબાઈલમાં સાહેબજીના લાઈવ દર્શન કરીને શેરડીના રસથી પારણાં કર્યા હતા. ત્યારબાદ એક કલાક સુધી સમાજના શ્રેષ્ઠીઓએ વિડિયો તૈયાર કર્યા હતો.' ઉલ્લેખનીય છે કે અચલગચ્છાધિપતિ શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી અત્યારે કચ્છમાં માંડવી-ભુજ હાઈવે પરના કોડાય પુલ પાસેના ૭૨ જિનાલય તીર્થમાં બિરાજમાન છે. તેમણે પણ તપસ્વીઓની સાથે તીર્થના મેનેજર રતિલાલ લોડાયાના હાથે શેરડીનો રસ ગ્રહણ કરીને પારણાં કર્યા હતાં. મહારાજસાહેબનું આ ૫૩મા વરસીતપનું પારણું હતું અને તેમણે તરત જ ૫૪મા વરસી તપની શરૂઆત કરી હતી. સામાન્ય સંજોગોમાં મહારાજસાહેબને પારણું કરવા માટે લાખો રૂપિયાની બોલી લગાવાતી હોય છે. પરંતુ આ વખતે આવું આયોજન કરવાનું શક્ય ન હોવાથી આ વિધિ સાદાઈથી કરવામાં આવી હતી.

પ.પૂ.આ.શ્રી ગૂણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.ને ૫૩ વર્ષિતપ પારણું કરાવવાનો લાભ કોઠારાના શ્રી રતિલાલભાઈ લોડાયા અને એમના ધર્મપત્નીને મળેલ તે બદલ ખૂબ ખૂબ અનુમોદના



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● અબડાસા તાલુકાના વાકું ગામે જિલ્લા પંચાયત સંચાલિત દવાખાનામાં તબીબ ન હોતાં આસપાસના રાપરગઢ, આરીખાણા, કમન, કુડલી, વારાપધ્ધર, પરજાઉ સહિતના ગામો બહુ ઉપયોગી આરોગ્ય સેવાથી વંચિત રહે છે. આ વિસ્તાર દુર્ગમ ગામોમાં આવતા હોવાથી વાહન વ્યવહાર મર્યાદિત છે. ઓચિંતા કોઈ બીમાર પડે તો વધુ સારવાર માટે કોઠારા જવું પડે છે. આ પરિસ્થિતિ છેલ્લા બે વર્ષથી છે.

● લખલૂટ ખર્ચા, દેખાડાં ભભકાની ભરમાર વચ્ચે થતાં લગ્નોની ઘેલછાથી વિપરીત ભારા સરની રીંકલ કિશોર વરસાણી નામની યુવતીની લગ્નની પત્રિકા ચકલીઘર રૂપે છપાવી છે. જે ઘરને આ પત્રિકા આમંત્રણરૂપે મળશે એ ચકલીઘર રૂપે તેનો વપરાશ કરી શકશે. ચકલી ઘરની આ લગ્ન પત્રિકાની ભીંતો પર ચકલી કાવ્ય-માવજતની વિગતો લખી પ્રકૃતિ રક્ષાનો સંદેશો વહેતો કર્યો છે.

● માનવ જ્યોત સંસ્થા ભુજ દ્વારા વિશ્વ ચકલી દિવસની ઉજવણી પાલારા પાસે ભજીયા હાઉસ નજીક વૃક્ષો ઉપર ચકલીઘરો લટકાવીને કરવામાં આવી હતી.

● કોઠારાના દરજી પિતા અને પુત્ર એક દિવસમાં ૨૦૦ જેટલા માસ્ક બનાવી નિઃશુલ્ક વિતરણ કરી સેવા ભાવનો દાખલો બેસાડ્યો હતો. કોઠારાની મેઈન બજારમાં દરજીકામ કરતાં વિનોદભાઈ તથા પુત્ર જીગર દ્વારા આ માસ્કની જરૂરિયાત છે તેવા પોલીસ સ્ટેશન સદ્‌ભાવના હોસ્પિટલ તથા મીડિયા કર્મચારીઓને નિઃશુલ્ક વિતરણ કર્યા હતા.

● અબડાસા તાલુકામાંથી ઉમરાહની યાત્રાએ ગયેલા ૧૨૫ થી વધુ લોકો ચૂપચાપ પોતાના ઘરે પહોંચી જતાં આરોગ્ય તંત્ર આ વાતને ધ્યાનમાં લઈ મોજણી ધરાઈ. તેઓને ૧૪ દિવસ ક્વોરિટાઈનમાં રહેવા તાકીદ કરાઈ છે. આ લોકોના તેમના ગામ કે ઘેર રૂબરૂ મળનારાઓની સંખ્યા વધુ હોય છે. જો કોઈ કોરોનાગ્રસ્ત હોય તો તેનો ચેપ અનેકોને લાગી શકે એ તાકીદ કરતી નોટિસ તેમના રહેઠાણ બહાર લગાવાઈ છે.

● કચ્છના મિની મુંબઈ કહેવાતા ગાંધીધામમાં લોકડાઉનને પગલે કાયદાના રક્ષણ માટે પોલીસ સ્ટાફ દિવસ રાત જોયા વગર ખડેપગે પોતાની ફરજ નિભાવે છે. જાયન્ટસ ગ્રુપ ઓફ ગાંધીધામ દ્વારા પોલીસના તમામ પોઈન્ટ પર જઈ તેમને પાણી, ચા તથા બિસ્કીટ વિતરણ કર્યા હતા. શહેરમાં અનેક સ્થળોએ રઝળતો ગૌવંશ ભટકે છે. તેમને ઘાસચારાનું નિરણ ભારતીય નવયુગ સંસ્થા દ્વારા કરાયું હતું.

● કતાર એરવેઝમાં પાઈલટ તરીકે ફરજ બજાયતા ભુજના પાર્થ ગોરે તેમની ટીમ સાથે ટોકિયોમાં ફસાયેલા ૪૦૦થી વધારે લોકોને અને લંડનમાં ફસાયેલા કતારના નાગરિકોને હોહા૦કતારમાં સુરક્ષિત ઉતારી નાગરિકોની પ્રશંસા મેળવી હતી.

● કચ્છના જાણીતા બેડમિન્ટન ખેલાડી અને ભુજની ઓફિસર્સ ક્લબ ખાતે પ્રશિક્ષણ આપી રહેલા ગિરધર સોની રાષ્ટ્રીય સ્તરે સિનિયર ખેલાડીઓની સ્પર્ધા માટે પસંદગી પામ્યા છે. તેઓ તાજેતરમાં વડોદરા ખાતે ગુજરાત બેડમિન્ટન એસોસિએશન દ્વારા આયોજિત સ્પર્ધામાં ભાગ લઈને રનર્સઅપ થયા હતા. રાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું પ્રતિનિધિત્વ કરનાર તેઓ કચ્છમાંથી એકમાત્ર ખેલાડી છે.

● રોટરી ક્લબ ગાંધીધામ, અંબાજી સેવા ટ્રસ્ટ અને અગ્રવાલ સમાજ ગાંધીધામ દ્વારા ગાંધીધામમાં અમદાવાદના તજજ્ઞ તબીબો દ્વારા ડાયાબિટીસ સારવાર તથા ઘૂંટણ, કમરના દર્દનો નિઃશુલ્ક કેમ્પ યોજાયો. આ કેપનો ૧૭૩ જણે લાભ ઉઠાવ્યો હતો.

# બિનવારસ લાશોની અંતિમક્રિયા કરવાની પાંચ સદી પૂરી કરતા શ્રી પ્રબોધ મુનવર

શ્રી પ્રબોધ મુનવર દ્વારા માનવજ્યોત સંસ્થા ભુજનાં નેજા હેઠળ અત્યાર સુધીમાં ૫૦૫ બિનવારસ લાશોની અંતિમક્રિયા કરવામાં આવી છે. કચ્છમાં કોઈપણ બિનવારસ લાશ મળે તેને પી.એમ. માટે ભુજની જી.કે. જનરલ હોસ્પીટલનાં પોસ્ટમોર્ટમ રૂમ સુધી પહોંચાડાય છે. પી.એમ. થઈ ગયા બાદ પણ લાશને ૩ દિવસ સુધી ઓળખવિધિ માટે રિપોર્ટ કરાય છે. ભુજની જનરલ હોસ્પિટલમાં કોઈ દર્દીનું અચાનક મૃત્યુ થાય, તેનું આગળ પાછળ કોઈ ન હોય ત્યારે તેના અંતિમ સંસ્કાર પણ શ્રી મુનવર અને તેમની ટીમ દ્વારા કરાય છે. શ્રી મુનવર દ્વારા બિનવારસ લાશનાં મૃત્યુનું પ્રમાણપત્ર તથા પોલીસ રિપોર્ટ આવી ગયા બાદએ લાશની શાસ્ત્રોક્ત વિધિ સાથે અંતિમક્રિયા કરાય છે. લાશને ખભે ઉંચકી અમરધામ પહોચાડાય છે. અસ્થિ માટલામાં ભરીને સાચવીને રાખવામાં આવે છે. દર વર્ષે ૧ વખત શાસ્ત્રોક્તવિધિ કરાવી અસ્થિ ધ્રબુડી પાસેનાં દરિયામાં વિસર્જન કરવામાં આવે છે. દરેક લાશોનો મૃત્યુનાં પ્રમાણપત્ર સાચવીને રખાય છે. મુનવરે અત્યાર સુધીમાં ૫૦૦ બિનવારસ લાશોની અંતિમક્રિયા કરી પાંચ સદી પૂરી કરી છે.

હાલે કોરોના વાયરસ સર્વત્ર ફેલાયો છે. ત્યારે પણ આવી કપરી પરિસ્થિતિમાં પણ વધુ પાંચ બિનવારસ લાશોની અંતિમક્રિયા કરી છે. કોઈપણ બિનવારસ લાશની અંતિમક્રિયા થઈ ગયા બાદ પોલીસતંત્રને અંતિમવિધિ કરાઈ છે. તેનું પ્રમાણપત્ર માનવજ્યોત-ભુજ પાસેથી લેવું પડે છે.

ભુજ અને ભુજ વિસ્તારમાં અડધીરાત્રે ટ્રક, ટ્રેન, વાહન અકસ્માત, આપઘાતથી કોઈનું મૃત્યુ થાય, લાશ છુંદાઈ જાય, હાથ પગ, ધડ,અલગ પડી જાય ત્યારે પણ પોલીસતંત્ર માનવજ્યોતનાં પ્રબોધ મુનવરનો સંપર્ક કરે છે. ત્યારે મૃતકનાં દરેક અંગો વીણી-એકઠા કરી, કપડામાં બાંધી મુનવર તથા તેમની ટીમ મૃતકની લાશ માનવજ્યોત સંસ્થા ભુજની એમ્બ્યુલન્સ મારફતે ભુજની જનરલ હોસ્પિટલનાં પી.એમ. રૂમ સુધી પહોંચાડે છે.

કચ્છ જીલ્લા સરકારી વહીવટી તંત્ર, રાજકીય આગેવાનો, જીલ્લા પોલીસ તંત્ર પ્રબોધ મુનવરની કામગીરીમાં સાથ-સહકાર-માર્ગદર્શન આપતા રહે છે. આમ કપરી અને કઠીન માનવ સેવા પ્રબોધ મુનવર, તેમનાં સાથી મિત્રો, માનવજ્યોત ટીમ કરી રહી છે.

---


## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of '**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**'
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)




insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

KDO Gyatimaiya Weekly E-magazine KDO